# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૫ • ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## ડૉ.નિર્મળભાઇ ન્યાલચંદ વકીલ ૩૩મો વૃદ્ધજન સન્માન સમારંભ




લોકભારતી યુનિવર્સિટીનાં સ્થાપક તથા જાણીતા ગાંધી વિચારક પ્રા.ડૉ.અરૂણભાઇ દવેની અધ્યક્ષતામાં ૩૩મો ‘વડીલ વંદના’ કાર્યક્રમ ૧૭ નવેમ્બરે શિશુવિહારનાં પ્રાંગણમાં યોજાઇ ગયો. ભાવનગરની સેવા સંસ્થા શિશુવિહારનાં પૂર્વ પ્રમુખ તેમજ રેડક્રોસ અને સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસોસિએશન ભાવનગરના પૂર્વ મંત્રી ડૉ.નિર્મળભાઇ ન્યાલચંદ વકીલની પુણ્ય સ્મૃતિમાં તા. ૧૭ નવેમ્બર રવિવારે શિશુવિહારનાં પ્રાંગણમાં ૨૦૦ વડીલોની વયવંદના કરવામાં આવી. આ પ્રસંગે પૂર્વ નોંધણીથી ઉપસ્થિત તમામ વડીલોને પુસ્તક સંપુટ, ટૉવેલ, નેપકીન, બોડીલોશન, વેસેલીન, રૂમાલ, પેન, આઇકાર્ડ, નિ-કેપ, વોટરબોટલ, શાલ, દવાઓ રાખવાની પેટી પ્રકારે વૃદ્ધાવસ્થામાં ઉપયોગી સાધનો સ્મૃતિભેટ સ્વરૂપે આપી સહુનું ચા-નાસ્તા બાદ ચંદન તિલકથી અભિવાદન કરવામાં આવ્યું.



આ પ્રસંગે નઈ તાલીમના વિચારને લાખો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી જીવન સુધારની પ્રવૃત્તિમાં ૮૦ વર્ષ સુધી યોગદાન આપનાર સર્વશ્રી જીજીભાઇ ચૌહાણ, સુરસંગભાઇ ચૌહાણ, કાંતિભાઇ પરસાણા તથા ફાજલભાઇ ચૌહાણનું અધ્યક્ષશ્રીનાં વરદ હસ્તે વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું.






૮૦ વર્ષ પછી પણ જીવન પ્રત્યે હકારાત્મક રહીને સક્રીય સમાજ કાર્ય સાથે જોડાએલ મહાનુભાવોનું અભિવાદન સૌ માટે પ્રેરણાદાયી બન્યું. શિશુવિહાર પ્રાંગણમાં યોજાએલ વૃદ્ધજન સન્માન સમારોહ પ્રસંગે અધ્યક્ષીય વિચાર પ્રેરતા ડૉ.અરૂણભાઇ દવેએ વૃદ્ધોને સ્વીકાર, સહયોગ અને સર્મપણની ભૂમિકામાં રહી જીવનને સંતોષ અને પ્રસન્નતાથી ભરી દેવા બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું.

શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઇએ ભાવનગરના લોકસેવક પૂજ્ય માનભાઇએ આજથી ૫૫ વર્ષ પહેલા શરૂ કરેલ વૃદ્ધાશ્રમના

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઇ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736

પ્રસંગને યાદ કરતા કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી, તેમજ સહુનું સ્વાગત કરતા આશા વ્યક્ત કરી હતી કે, આવા પ્રસંગોથી નવી અને જૂની પેઢીનો સમન્વય સમાજ ઉપયોગી બનશે. આ પ્રસંગે સંસ્થાનાં ટ્રસ્ટી ડૉ. મનિષ વકીલે આભાર દર્શન કર્યુ હતું. સાથોસાથ ઉપસ્થિત વડીલોને સ્મૃતિભેટ આપનાર શ્રી મુકેશભાઇ પરીખ, શ્રી કિશોરભાઇ જોધવાણી, શ્રી અચ્યુતભાઇ મહેતાનો ખાસ આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી છાયાબહેન પારેખ દ્વારા થયું. લાડુનાં ભોજન બાદ સંપન્ન થયેલ સમારોહમાં સંસ્થાનાં વિભાગીય કાર્યકરોએ ઉમદા સેવા આપી હતી.

## ગાંધી મહેન્દ્ર ચત્રભુજા એજયુકેશનલ ટ્રસ્ટ દ્વારા મહિલા ઉત્કર્ષ માટે રૂા.૬ લાખની શિક્ષણ સહાયનું વિતરણ




શિશુવિહાર સંસ્થાનાં સ્થાપક સભ્ય અને સંસ્થાની અનેકવિધ મહિલા સશક્તિકરણ પ્રવૃત્તિના પ્રેરણાસ્ત્રોત સ્વ.હીરાબહેન ભટ્ટની પુણ્ય સ્મૃતિમાં ૨૫મો મહિલા ઉત્કર્ષ સમારોહ તા. ૨૨ નવેમ્બરે શ્રી વિનય વિહાર કેળવણી મંડળ વાળુકડ સંસ્થામાં યોજાઇ ગયો. ગાંધી વિચારધારાના પુરસ્કર્તા શિક્ષણવિદ્ શ્રી નાનુભાઇ શિરોયાની અધ્યક્ષતામાં યોજાએલ સમારોહમાં જીલ્લાની નઈ તાલીમ વિચારસરણી સાથે જોડાએલ ૧૦ શાળાઓની ૨૦૦ વિદ્યાર્થીનીઓને રૂા. ૬ લાખની શૈક્ષણિક સહાય આપવામાં આવી. લોકશાળાની બહેનોની પ્રાર્થનાથી પ્રારંભાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમનોનું સ્વાગત વિદ્યાર્થીનીઓ દ્વારા થયું હતું.

ધોરણ ૧૦ અને ૧૨માં કોઇ તેજસ્વી દીકરી આર્થિક કારણોસર શિક્ષણની મુખ્ય ધારામાંથી બહાર ન રહી જાય તેવા સંસ્થાગત હેતુથી પ્રારંભાયેલ અને મહિલા ઉત્કર્ષ વિચાર અંતર્ગત છેલ્લા ૨૫ વર્ષમાં જરૂરિયાતમંદ ૪૧૩૬ વિદ્યાર્થીનીઓને પહોંચાડવામાં આવેલ રૂા. ૭૨ લાખની માતબર શૈક્ષણિક સહાયનો અહેવાલ સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઇએ આપ્યો હતો.





આ ઉપક્રમે દાતાશ્રી ગૌરાંગભાઇ રજનીભાઇ ગાંધી તેમજ મંચસ્થ મહાનુભાવોએ વિનય વિહાર કેળવણી મંડળ-વાળુકડ, લોક કલ્યાણ વિદ્યાલય માઈધાર, લોકસેવક સંઘ- થોરડી, લોક નિકેતન ટ્રસ્ટ-બેલા, ગ્રામ દક્ષિણામૂર્તિ- મણાર, કન્યા વિદ્યાલય- વળાવડ, સર્વોદય સરસ્વતી મંદિર-બાબાપુર, ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલા, કસ્તુરબા વિદ્યાલય- પાણીયાળી, લોકશાળા- ખડસલી શાળાની ૨૦૦ બહેનોને પ્રત્યેકને રૂા. ૩,૦૦૦ ની શૈક્ષણિક સહાયનું વિતરણ કર્યુ હતું. આ પ્રસંગે વિનય વિહાર કેળવણી મંડળના આદ્ય સ્થાપક શ્રી નાનુભાઈ શિરોયાના વરદ હસ્તે દાતાશ્રીનું અભિવાદન કરાયું હતું.

સ્વ.હીરાબહેન માનભાઈ ભટ્ટ પરિવારના પ્રતિનિધિ શ્રી હરીશભાઈ ભટ્ટ તેમજ નઈ તાલીમ સંઘની લોકશાળાઓનાં આચાર્યોની ઉપસ્થિતિમાં યોજાએલ સમારોહમાં બહેનો શિક્ષિત બને તેમજ પોતાની આવડતથી સ્વનિર્ભર રહે તે માટેના શિશુવિહારનાં પ્રયત્નોને આવકારતા શ્રી ચંદ્રવદનભાઈ શાહના સહયોગથી નઈ તાલીમની શાળાની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી બહેનો માટે એલ્ડરલી કેરટેકરનાં તાલીમ વર્ગનો પ્રારંભ કરાયો હતો. શાળાના વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક પ્રસ્તુતિ સાથે કાર્યક્રમનું આભાર દર્શન કેન્દ્રના નિયામક શ્રી જિતેશભાઈ વ્યાસે (શાળાના શિક્ષક) કર્યુ હતું. શ્રી યોગેશ્વરીબહેન ત્રિવેદીના સુચારું સંકલનથી આસિસ્ટન્ટ કાર્યક્રમ બાદ ઉપસ્થિત વિદ્યાર્થી શિક્ષકોએ સહભોજનનો આનંદ લીધો હતો.

## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ

### બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર

• શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં નવેમ્બર માસ દરમિયાન બાળકોની સંખ્યા ૬૦ રહી હતી. માસ દરમિયાન કુલ ૪ બાળકોના જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. બાળકોમાં સમુહ ભાવના કેળવવાના હેતુથી બાળવાર્તા, ક્રિડાંગણમાં સામુહિક રમત જેવી તાલીમ આપવામાં આવેલ. બાળવયથી વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુથી રંગનું મિશ્રણ, દ્રષ્ટિ ભ્રમ પ્રકારે પ્રયોગ બાળકોને બતાવેલ. માસ દરમિયાન વિવિધ રમકડાનું પ્રદર્શન ગોઠવેલ જેમાં બાળકોની સંખ્યા ૫૫ અને વાલીની સંખ્યા ૩૫ રહી હતી.શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે ચાલતા ૮૧માં અનુભવ તાલીમ વર્ગમાં શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા મોન્ટેસરીમાં અર્ધમુક્ત વ્યવસાય સાધનની સમજ આપવામાં આવેલ. હસ્તઉદ્યોગમાં શબ્દપોથી, મુગટ બનાવવાની તાલીમ સાથે ગણિત ભાષામાં એકાંકી અને સ્લીપ સાથે સરવાળા બાદબાકીના પાઠની તાલીમ આપવામાં આવેલ. બાળશિક્ષણ તાલિમ સાથે વિવિધ ચાર્ટ તૈયાર કરાવવામાં આવેલ. બાળશિક્ષણમાં અનિવાર્ય કથાગીત અને પોષક આહાર તૈયાર કરાવવાની તાલીમ આપવામાં આવેલ.

નવેમ્બર માસ દરમિયાન શ્રી ચિમનલાલ બદિયાણી, સ્વ. જ્યોતિબેન માધવાણી, મનિષભાઈ દોશી, દેવાંશભાઈ શાહ, નિરવ હસમુખભાઈ ગાંધી, નાથુભાઈ પ્રજાપતિ, નિપુણભાઈ ધોળકીયા, કિરીટભાઈ મહેતા તરફથી બાળકોને ભોજન આપવામાં આવેલ તેમજ કુલ ૫ દાતા તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. સંસ્થા તમામ દાતાશ્રીનો આભાર વ્યક્ત કરે છે.

**સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ**

### આરોગ્ય

### ૪૯૯ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ

• શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૫૫ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર મળી. સ્વ.માતૃશ્રી ભાગીરથીબહેન મનસુખલાલ આચાર્યની સ્મૃતિમાં ૪૯૯ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી શરદભાઈ આચાર્યની ઉપસ્થિતિમાં તા. ૨૨ નવેમ્બરના રોજ શિશુવિહાર સંસ્થાનાં






પ્રાંગણમાં યોજાઈ ગયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૫૫ દર્દીઓની આંખ તપાસ ડૉ.શ્રી હર્ષાબહેન તથા ડૉ.શ્રી ધ્રુવિલભાઈની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો બાદ જરૂરિયાતમંદ ૨૧ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે લોઢાવાલા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ. આ પ્રસંગે કેટ્રેકની સર્જરીમાં જનાર તમામ દર્દીઓને શ્રી શરદભાઈ આચાર્યના વરદ હસ્તે ગરમ શાલનું વિતરણ કરવામાં આવ્યું હતું. દર્દી દેવોભવ'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

### ભાલ વિસ્તારનાં ગામડાંઓમાં આરોગ્ય શિબિર

• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી તા.૨૯ નવેમ્બર ૨૦૨૪નાં રોજ ભાલ વિસ્તારનાં જશવંતપુર ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ, જેમાં ૨૨૬ ગ્રામજનોની આરોગ્ય તપાસ તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાનાં બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીનારાયણોને દવા તથા ચશ્માનું વિતરણ કરવામાં આવેલ.

શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૭૫ પુસ્તકો તથા બાલ આરોગ્યસૂત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શિશુવિહારની આરોગ્ય ટીમના ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, ડૉ.અભિલાષાબહેન સોનપાલ,

ડૉ.આકાંક્ષાબહેન દેસાઈ, સર્વ શ્રી રેખાબહેન ભટ્ટ, કમલેશભાઈ વેગડ, અંકિતાબહેન ભટ્ટ તથા નિરમા મેડિકલ ડિપાર્ટમેન્ટથી જયભાઈ દવે તેમજ ગામનાં તલાટીમત્રી શ્રી સંજયભાઈ અને આચાર્ય શ્રી ચેતનભાઈ મકવાણા ઉપસ્થિત રહયાં હતાં. કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યુ હતું.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :

• નવેમ્બર માસ દરમિયાન નિયમિત રીતે આવતા ક્રીડાંગણ તાલીમાર્થીઓની સંખ્યા ૩૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન શાંતિપ્રિય ભારતીય રમતો રમાડવામાં આવી. સાયં પ્રાર્થના સમયે તાલીમાર્થીઓએ સમૂહમાં પ્રાર્થના, ધૂન, ગીતો, હર્ષનાદ કર્યા. સ્કાઉટ તાલીમાર્થી શુભમ ગોહેલ, શુભમ પરમાર, અભિષેક ગુજરીયાનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો.

સ્કાઉટ માસ્ટર શ્રી હરેશભાઈ ભટ્ટનો ૮૦ મો જન્મદિવસ સંસ્થા પ્રાંગણમાં સ્કાઉટ તાલીમાર્થી તેમજ કાર્યકરોની હાજરીમાં ઉજવાયો. શ્રી હરેશભાઈના જન્મદિવસ નિમિત્તે તાલીમાર્થી તેમજ કાર્યકરોને નાસ્તો આપવામાં આવેલ અને સંસ્થાના કાર્યકર શ્રી નિર્મોહીબહેન નાનકભાઈ ભટ્ટ તરફથી સંસ્થાના મેદાન વ્યવસ્થા સાથે જોડાએલ કાર્યકરોને ગરમ સ્વેટર આપવામાં આવેલ.

દિવાળી વેકેશનના સદ્ઉપયોગ તરીકે તા. ૬ નવેમ્બર થી ૧૦ નવેમ્બરના રોજ સંસ્થા પ્રાંગણમાં સ્કાઉટ વિદ્યાર્થી માટે સ્કાઉટ કેમ્પ યોજાયો. સંસ્થા મેદાનમાં ટેન્ટ છાવણી નાખી. તાલીમાર્થીઓને પ્રવેશ સોપાન તેમજ રાજ્ય પુરસ્કાર તાલીમ આપવામાં આવી. વિદ્યાર્થીઓએ જાતે રસોઈ બનાવી. સમૂહ ભોજનની મોજ માણી હતી. તા. ૯ ઓક્ટોબર તેમજ ૧૦ ઓક્ટોબરના રોજ બેલા ગામ ખાતે તાલીમાર્થીઓએ બે દિવસ કેમ્પ યોજી પ્રકૃતિની મજા લીધી. ગુજરાત રાજ્ય નવરાત્રી સ્પર્ધામાં શિશુવિહાર સંસ્થાની બહેનોની ટીમે અર્વાચીન ગરબા સ્પર્ધામાં સ્ટેટ લેવલે ભાગ લીધો હતો. તમામ બહેનોને સંસ્થા અભિનંદન પાઠવે છે.

નવેમ્બર માસથી સ્કાઉટ માટે કોમ્પ્યુટર તાલીમ પ્રારંભાઈ. જેમાં શ્રી સૃષ્ટિબહેન દ્વારા વિદ્યાર્થીને કોમ્પ્યુટરની બેઝિક તાલીમ આપવામાં આવી.

**સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ**



### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ નવેમ્બર માસમાં ૨૭૮ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમજ ફિટનેસ સેન્ટરમાં ૪ બહેનો જોડાયાં હતાં.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

### વયસ્કો માટે ૩૫૭ મી દ્રષ્ટિ ચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી તથા સ્વ.હસમુખભાઈ સરવૈયાના સ્મરણાર્થે નવેમ્બર માસમાં ૨ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૩૧ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૨૫ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

નવેમ્બર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૪૩૫ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ નવેમ્બર માસ દરમિયાન ૧૮૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

### હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્ર:

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ નવેમ્બર માસ દરમિયાન ૩૧૮ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ

### ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દર્દીઓના માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતા શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬થી૭ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. નવેમ્બર માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૩ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

નવેમ્બર માસમાં ૨૫૦ વાચક સભ્યોએ ૧૫૦ પુસ્તકો વાચ્યાં હતાં. '૨૦૦ પુસ્તકો'(રવિભાઇ જીલ્લા પુસ્તકાલય),'ગુજરાતી દલિત લઘુકથા'(શાંતિલાલ ગઢિયા- વડોદરા)'૫૦ પુસ્તક'(મનિષભાઇ વિરચંદ દવે-સાગવાડી), 'લોક્તીર્થ યાત્રા, ગુજરાત માનવ રત્ન' (નાનકભાઇ ભટ્ટ) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

### બાલદેવ વન:

નવેમ્બર માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૪૮૮ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠના ૧૧૨ બાળકો, કિડસ વર્લ્ડના ૨૫ બાળકો, જ્ઞાનગુરુ વિદ્યાપીઠના ૩૦ બાળકો, ઝકરીયા સ્કુલના ૨૦૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

### ર.વિ.ગોસળિયા ક્રિડાંગણ:

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. નવેમ્બર માસ દરમિયાન ૪૫૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

### સંગીત વર્ગ:

નવેમ્બર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા



### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી ૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. નવેમ્બર માસમાં ક્રમાંક ૨૨૪ થી ૨૨૫મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને કેલીગ્રાફી તેમજ ચોકલેટ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ૬૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)

નવેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૯ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને વોલપીસ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

### તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૧૨ નવેમ્બરે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત પ્રવૃત્તિ અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

### માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. નવેમ્બર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૫૧ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી સિદ્દીકભાઇ તરફથી લોખંડ કમોડ ભેટ મળેલ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

તા. ર૯મી એ પ્રાર્થના પરિવારના સ્પર્ધકોનું સ્નેહમિલન અને સમૂહ ભોજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૦ સાધકો આવ્યા હતા.

સંચાલક : શ્રી ઈન્દ્રાબહેન ભટ્ટ

### સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૩ શ્રમિક બહેન દ્વારા નવેમ્બર માસમાં કાપડની ૩૭૫ થેલી તૈયાર થતાં કુલ રૂ.૧૮૭૫/- ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૧,૧૧,૬૬૪ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. નવેમ્બર માસ દરમિયાન ૫ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ

### પ્રચાર-પ્રસાર

રૂા. ૨૫૦/- પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૧ રહી હતી. નવેમ્બર માસમાં શ્રી શેખ નુર મહમ્મદભાઈ બાબુભાઈ - ભાવનગર.

વાચકોને રૂ.૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર:

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની નવેમ્બર માસમાં ૧૭૩ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૩ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

નવેમ્બર માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૫૦ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



### • સદ્દભાવભરી સ્વૈચ્છિક સહાય •

સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્દભાવભરી સ્વૈચ્છિક સહાયના દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,00,000.00 | શ્રી ચંદ્રવદનભાઈ શાહ | આરોગ્ય તાલિમ સહાય |
| 1,00,000.00 | શ્રી નરેશચંદ્ર સી. ગજરાવાલા | નાગરિક સન્માન |
| 60,000.00 | ડૉ.કે.એમ.આચાર્ય | નેત્રયજ્ઞ સહાય |
| 51,000.00 | શ્રી રાજીવભાઈ મહેતા | સર્વાંગી સહાય |
| 25,000.00 | શ્રી અશ્વિનભાઈ સી. શ્રોફ | કેલેન્ડર પ્રકાશન સહાય |
| 25,000.00 | સ્ટીલકાસ્ટ લીમીટેડ | કેલેન્ડર પ્રકાશન સહાય |
| 11,000.00 | શ્રી સરલાબહેન એચ. કોઠારી | કેલેન્ડર પ્રકાશન સહાય |
| 6,000.00 | શ્રી પ્રકાશભાઈ મજેઠીયા | પોષક આહાર સહાય |
| 5,000.00 | શ્રી હસમુખભાઈ એમ. ગાંધી | પોષક આહાર સહાય |
| 5,000.00 | શ્રી સુધાબેન કે. શાહ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી રમેશભાઈ શાહ | શૈક્ષણિક સહાય |
| 4,000.00 | પુષ્પમ ચે. ટ્રસ્ટ | કેલેન્ડર પ્રકાશન સહાય |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |

### બુધસભાઃ



• બુધસભાની ૨૩૧૨ મી બેઠક તા. ૬ નવેમ્બરે ડૉ. છાયા પારેખના સંચાલનમાં યોજાઈ. વિક્રમ સંવત વર્ષની પ્રથમ બેઠક હોવાથી પરસ્પર શુભેચ્છા વ્યક્ત કરી કવિ- કવયિત્રીઓ દ્વારા કાવ્ય પઠનથી બેઠકનો પ્રારંભ થયો હતો. કવિતા આસ્વાદ શ્રેણીમાં શ્રી દાન વાઘેલાએ કવિ શ્રી કરસનદાસ

લુહારની ગઝલ રજુ કરી હતી. ત્રીસેક કવિઓ અને ભાવકોની ઉપસ્થિતિમાં બેઠક સુપેરે સંપન્ન થઇ હતી. માસની બીજી બેઠક અવસર અભિવ્યકિત વિષય અંતર્ગત વિષયે યોજાઇ. ૨૫ જેટલા કવિઓએ પોતાની રચનાઓ રજૂ કરી. બેઠકનું સંચાલન શ્રી પરેશભાઇ ત્રિવેદીએ કર્યુ હતું. નવેમ્બર માસની ત્રીજી બેઠક ડૉ. માનસી ત્રિવેદીના સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત જાણીતા વાર્તાકાર શ્રી અજય ઓઝા દ્વારા પોતાના સર્જન અને અનુભવ આગવી શૈલીમાં રજૂ થયા. ૩૦ જેટલા ભાવકો હાજર રહયા હતા. બુધસભાની ચોથી અને ૨૩૧૫મી બેઠક શ્રી વર્ષાબહેન જાનીનાં સંકલનમાં મળી હતી. ૩૨થી વધુ રસિકોની ઉપસ્થિતિમાં ડૉ. મહેન્દ્રસિંહ પરમારે કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીના જીવનકવન વિષયે રસપ્રદ વાતો મુકી હતી. આમ માસ દરમિયાનના ચારેય બુધવારે મળી. ૧૧૭ સાહિત્ય રસિકોએ બુધસભામાં ઉપસ્થિત રહી સ્વરચનાઓ મ્હાણી હતી.

### ધન્ય એ દિવસ આપણા.....

સાંજ ઢળેને દોડી જઈએ સીધા શિશુવિહારમાં
ભાઈ બહેન સૌ હળી મળીને ખડા રહીએ કતારમાં
રમત-ગમતની ધીંગા મસ્તીમાં વિત્યાં શૈશવ આપણાં
સ્વચ્છ હવાને ધીંગી ધરતી વૃક્ષો હતાં રળિયામણાં
હૈયાં કેરા મધુવન ગુંજ્યાં સ્વજનોના સંગાથમાં
નૃત્ય નાટયને રાસ ગીતોથી રસાયાં જીવન આપણાં....સાંજ ઢળેને.....
શુદ્ધ ચિત્ત સેવા ભકિતને ઉષ્મા હતી વ્યવહારમાં
કરી છૂટું કંઇ જગતને માટે શી તાજગી અરમાનમાં
ડગલે ડગલે પથ પ્રદર્શક હતા વડીલો આપણાં .......સાંજ ઢળેને.....
સ્ફૂરી છૂટયાં સ્મરણો સઘળાં દિલને લહેરાવતાં
વીજ વાદળી ને નભ મંડળમાં ફરી વળ્યાં પળવારમાં
ફરી ફરીને આપો ઈશ્વર! ધન્ય એ દિવસ આપણા.....

– મહેશ ભટ્ટ (પૂર્વ વિદ્યાર્થી)

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

- બાળકોમાં વિશેષ રીતે જોવા મળતા સિકલ સેલ એનિમિયાના નિવારણ અંગે જાગ્રતી શિબિર તા. ૭ નવેમ્બરે સંસ્થા પ્રાંગણમાં યોજાયો. જીલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ રીતે આયોજીત પી.એચ.સી. સ્ટાફ માટેના તાલીમ કાર્યક્રમમાં ૩૫૦ થી વધુ આરોગ્ય કર્મીઓ જોડાયા હતા.
- શ્રી ગોપાલભાઇ ચૌહાણ તથા નરેશભાઇ ચુડાસમાના સંકલનમાં જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ 'સુનહરે નગ્મે' તા. ૧૦ નવેમ્બરે સંસ્થા રંગમંચ પર યોજાઇ ગયો. ૧૫૦ થી વધુ શ્રોતાઓએ આ ગીતોનો આસ્વાદ માણ્યો હતો.
- એકસેલ ઈન્ડસ્ટ્રીઝ ભાવનગરના પૂર્વ કર્મચારીઓનું સ્નેહમિલન ડૉ. સુનિલભાઇ ત્રિવેદી, શ્રી શ્યામભાઇ પાઠક અને શ્રી પ્રદીપસિંહજી ગોહેલની ઉપસ્થિતિમાં મળ્યુ હતું. શિયાળાની ઋતને અનુરૂપ ભોજન સાથે સંપન્ન થયેલ મેળાવડામાં ૧૫૦ શુભેચ્છકો જોડાયા હતા.
- સુરસંગમ સંસ્થાનો સપ્તસૂરી સંધ્યાનો ૮૮ મો જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ શ્રી પ્રશાંતભાઇ ભટ્ટના સંકલન તળે તા. ૧૭ નવેમ્બરે સંસ્થાના એસી હોલમાં યોજાઇ ગયો. કાર્યક્રમને માણવા ૩૫૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.
- સુમિટોમો ઈન્ડિયા ભાવનગરના ઉપક્રમે સતત ૨૬માં વરસે એકસેલ એકસપ્રેશન યોજાઇ ગયો. તા. ૨૨-૨૩-૨૪ નવેમ્બરે પ્રાથમિક શાળાઓ માટેની ચિત્ર, વકતૃત્વ, રાસ, નિબંધ આલેખન પ્રકારની વિવિધ ૧૭ સ્પર્ધાઓમાં ૫૭૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંકલન સુમિટોમોના મેનેજર શ્રી સતિષભાઇ મહેતા દ્વારા કરાયુ હતું.
- નટરાજ કલા સંસ્થાના ઉપક્રમે ૧૬૪ મો ફિલ્મીગીતોનો કાર્યક્રમ એક સાંજ આપની સાથે રંગમંચ પર પ્રસ્તુત થયો. શ્રી કેતનભાઇ આવસત્થીના સંકલનમાં ૨૪ નવેમ્બરે યોજાએલ. કાર્યક્રમને માણવા ૪૦૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.
- પ્રોગ્રામ ઑફિસર આઇ.સી.ડી.એસ. ભાવનગર મહાનગરપાલિકાના સંકલન સાથે તા. ૨૮ નવેમ્બરે સંસ્થા પ્રાંગણમાં ભૂલકા મેળો યોજાઇ ગયો. જેમાં શહેરની ૩૧૪ આંગણવાડીનાં ૧૫૦૦ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ બાળ પ્રવૃત્તિઓની મજા મ્હાણી હતી.
- શહેરની લેટ્સ ફલાય લેડીઝ કલબના ૨૦૦થી વધુ સભ્ય બહેનોનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૩૦ નવેમ્બરે સંસ્થા પ્રાંગણમાં યોજાયો હતો. દિવાળી પછી પ્રથમ વખત યોજાતા સ્નેહમિલન બાદ સભ્યોએ સ્વરુચી ભોજનનો આનંદ માણ્યો હતો.
- ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા ભાવનગર શહેરના નાગરિકો માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના સહકારથી સંસ્થા પ્રાંગણમાં ૧૯

તથા ૨૫ નવેમ્બરે આયુષ્યમાન કાર્ડ કાઢી આપવા માટેની ખાસ શિબિર યોજાઇ ગઇ. ભાવનગર કોર્પોરેશનના હેલ્થ વિભાગના ડૉ.સિન્હા સાહેબ, ડૉ.મૌલિકભાઇ, ડૉ.શક્તિસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ શહેર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે ૧૭૦ વડીલોને આયુષ્યમાન કાર્ડ કાઢી આપેલ. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાના મેડિકલ સેન્ટરના ડૉ. અરવિંદભાઇ ત્રિવેદી તેમજ સવારે ૧૦ થી બપોરના ૩ સુધી સંસ્થાના કાર્યકરોની હાજરીથી ડૉક્ટરોના ભોજન ઉપરાંત ઉપસ્થિત વડીલોની કાળજી ભરી વ્યવસ્થા યોજાતા સમગ્ર સેવા કાર્ય દીપી ઉઠેલ.

• કાલિદાસ કૌશલ્યમ ચે. ટ્રસ્ટ દ્વારા તા.૩૦ નવેમ્બરે અભિજ્ઞાન શાકુંતલમ નાટકનું રિહર્સલ સંસ્થાના વાનાણી હોલમાં યોજાઇ ગયું.

## શિશુવિહારની પ્રવૃત્તિ મનુષ્યત્વનું ભજન છે-પ્રા.ડૉ.અરૂણભાઈ દવે

(વૃદ્ધજન સન્માન સમારંભમાં શ્રી અરૂણભાઈનું વક્તવ્ય)

આપણે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે કે દીવા નીચે અંધારું. પણ આ શિશુવિહારમાં એ વાત ખોટી પડે છે. અહીંયા દીવાની નીચે મોટું અજવાળું છે. દરરોજન છાપું ખોલો તો શિશુવિહારના એકાદ સમાચાર તો તમને જોવા મળે મળે ને મળે જ. અને સૌથી સારી વાત એ છે કે એ રચનાત્મક અને સર્જનાત્મક માનવીય અભિગમને ઉજાગર કરતી પ્રવૃત્તિઓ હોય એ સીવાય એમાં કાંઇ ન હોય. સાતત્યપૂર્ણ રીતે આવા અસંખ્ય કાર્યક્રમો અહિંયા ચાલી રહયા છે. આ તપોભૂમિનું બહુ મોટું તપ આપણને સૌને બરાબર રીતે અનુભવાય છે. શિશુવિહારના અનેક કાર્યક્રમોમાં આવવાનું થાય પણ વડીલોના સન્માનનાં કાર્યક્રમમાં હું ક્યારેય આવ્યો ન હતો એટલે નાનકભાઈએ કહ્યું એટલે મે તરત સ્વીકારી લીધું કે મનેય ૭૫ વર્ષ થયા.

કાર્યક્રમનાં પ્રારંભે શ્રી નાનકભાઈએ વિશ્લેષણ કર્યુ. આજે આપણે ત્યાં વૃદ્ધાશ્રમ માટે જે શબ્દપ્રયોગો થાય છે એની જગ્યાએ નાનકભાઈએ અત્યારે અહીંયા જે પોઝિટીવ વાત કરી એ મને વિચારવા યોગ્ય લાગી. કારણકે વડીલો માટે જીવનમાં દરેક તબક્કે સમય સાથેની ઘટનાઓનો સ્વીકાર કર્યા વગર છૂટકો નથી. સૌથી પહેલી વાત તો એ છે કે આપણે આપણા જીવનમાં જે કાંઇ પરિસ્થિતિ છે એનો પહેલા સ્વીકાર કરવાના છે. આ સ્વીકાર સાથે જોડાએલી એક ત્રિગુણી રસી છે. પ્રથમ છે સ્વીકાર, પછી એની સાથે આવે સહકાર, તે પછી સમર્પણ. બાળપણથી લઈને મૃત્યુ સુધીના તમામ તબક્કે આ ત્રિગુણી રસી આપણા માટે અમૃત સમાન બનશે. જીવનમાં જે કાંઇ પરિસ્થિતિ આવી પડે તેને એક વખત સ્વીકારી લ્યો. કારણકે જે નિયતિ છે, જે ઘટે છે એ મારા અને



તમારા હાથમાં નથી.

જો તમે એનો સ્વીકાર નહી કરો તો દુ:ખી થશો. દુ:ખી ન થવું હોય તો વર્તમાનનો સ્વીકાર કરી લ્યો. આપણે સકારાત્મક અને હકારાત્મક અભિગમથી વ્યવહારું થઇ શકીએ તો ખાસ પ્રશ્નો રહેવાના નથી.વડીલોને સતત એમ લાગ્યા કરે કે મારા કુટુંબીજનો- મિત્રો મને સમજતા નથી. અને નવી પેઢીને એમ લાગે છે કે આ ઘરડાં અમને સમજતા નથી. વૃદ્ધોને પોતાના આગ્રહો હોય છે તો યુવાનોને ઉંમરનું જોમ. આથી બેય અથડાય છે, તો એમાંથી આપણે નીકળવું કેમ?

હમણાં નોર્વે જવાનું થયું ત્યાં સરેરાશ આયુષ્ય ૯૦ વર્ષ છે. મારું આશ્ચર્ય હતું કે અહીં આવી મજાની તંદુરસ્તી કેમ છે? એક જગ્યાએ રહેવાનું પણ થયું. ત્યારે સમજ મળી. એક ૧૧૦ વર્ષના વડીલે કહ્યું કે અમે બધા અમારું મનગમતું જીવન જીવીએ છીએ. અમને જેમાં મોજ પડે ઈ જીવીએ છીએ. હવે આપણે અહીંયા!!! ૯૦% લોકો મોજ વગરનું જીવે છે. જે કોઇને પૂછીએ કે મોજ છે એટલે કહે કે ખાધે પીધે સુખી છીએ પણ, પણ કરીને જે ઉપડેને ત્યારે ખબર પડે કે મોજ નથી.

તો સૌથી પહેલી વાત એ છે કે આપણે ત્યાં નાનપણથી એવું શિક્ષણ, એવા સંસ્કાર, એવી વાત આવતી જ નથી કે માણસ નક્કી કરી શકે કે મને શેમાં રસ છે? આજે માણસ મૃત્યુ પામે ત્યાં સુધી જાણી જ નથી શક્તો કે ખરેખર મને શેમા રસ હતો. તો પહેલી વસ્તુ તો એ છે કે આપણે એ જાણવું જોઈએ કે ખરેખર મને શેમાં આનંદ મળશે? પહેલાં જાણી લઈએ કે મને કેમ ગમતું નથી? તમને આપણી કઠણાઈ કહું હું!!! આપણા દેશના સર્વેની આધારપૂર્વક વાત કરું કે આપણે ત્યાં જેને કલાસ વન અને ટુ કહેવાય, એવી નોકરીઓ છે કે જેને સરેરાશ મહિને દોઢ થી બે લાખ પગાર છે. એવાં લોકોનો સર્વે કર્યો ત્યારે પણ એમણે કહ્યું કે મને મારા કામમાં મજા આવતી નથી. આ તકલીફ છે. જુદા અર્થમાં જો સમજાવવા પ્રયત્ન કરું તો સમજાય છે કે આપણી આજીવીકાનું સાધન અને જીવનના આનંદનો સ્રોત એક નથી.

આ મોટો પ્રશ્ન છે. હું જેમાંથી આજીવિકા મેળવું છું મને એમાં જ કાંઇ મજા નથી આવતી. શિક્ષક વર્ગ લઈને આવે એટલે કહે કે ''ઓહો હું તો થાકી ગયો હવે ચા પીવી પડશે.'' સાહેબ ઑફીસેથી આવે ને છોકરો કાંઇક માગે ત્યાં ખીજાય જાય, ''છ કલાક ઓફીસમાં બુડાણો હુંતો, હવે તું શું કામ મને પજવે છે ભાઇ ઘડીક બેસવા દે ને.'' બેન્કમાં ને બસ સ્ટેશન કે રેલ્વે-સ્ટેશનનાં કર્મચારીઓમાં પણ આવું જ છે. કેમ કે એને એના કામમાં રસ નથી. બધાં પરાણે કરે છે એટલે દરેક પોતાનો ટાઇમપાસ કરે છે. એક મનુષ્યનાં સંદર્ભમાં આપણને ઈશ્વરે શરીરમાં જે કોશ આપ્યા છે એ પ્રમાણે તો એક શિક્ષક બે પિરિયડ લઈને આવે ને તો ઈ ટાઢો થઈને આવે. અરે જામો પડી ગયો આજે તો મને બે પિરિયડ લેવાનો મોકો મળ્યો હો, હું તો ફ્રેશ થઈ ગયો. ઓફિસેથી આવે તો ઈ નાચતો નાચતો આવે. કારણકે તમને કામ કર્યાનો સંતોષ થવો જોઈએ. તમને કામ કર્યાનો સંતોષ ત્યારે થાય ત્યારે થાક લાગતો નથી. બાકી તમને હું ખાતરી પૂર્વક કહું કે

વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું છે કે કોઇ દિવસ કંટાળાને થાક આ બે વસ્તુ મગજમાં હોતી જ નથી.

જે લોકોએ જીવનમાં પ્રગતિ કરી છે જે અત્યારે કામ કરી રહયા છે તમે જુઓ અઢાર-અઢાર કલાક કામ કરનારા છે. એને આપણે પા-પા કલાકે ચા પીવી પડે, ફ્રેશ થવા ચેઇન્જ ઓફ વર્ક લેવું પડે અને હોંશથી કાર્ય કરનારને કાંઇ નથી કરવું પડતું કેમ? મિત્રો તમારું કામ પોતે જ તમને પ્રોત્સાહિત કરતું હોવું જોઇએ.

હવે તમે એવું કહો કે એવું મનગમતું કામ બધાને કયાંથી મળે? તો આપણે શોધવું જોઇએ અને વ્યવહારું સમજણ તો એ છે કે, માની લો આપણને મનપસંદ કામ ન મળ્યું તો પછી જે મળ્યું છે એને ગમતું કરવું પડશે. તમને જે કામ મળ્યું એ કામને તમે ગમતું કરો, અને તમે જે દિવસે એને ગમતું કરશો તે દિવસથી તમને બહુ જ મજા આવશે. કોઇની કંપનીની જરૂર નહી પડે. કામ પોતે જ તમારી કંપની બનશે. કામ પોતે જ તમારા મનોરંજનનું સાધન બનશે. કામ પોતે જ તમને આંતરિક શકિત આપશે, ઉર્જા આપશે, જીવવાની મજા આવશે. અને હા, યાદ રહે દરેક વખતે કામ આર્થિક ઉપાર્જનનું હોવું એ જરૂરી નથી.

વર્ષો થઇ ગયાં મનુભાઇ પંચોળી(દર્શક) અને હું અમેરિકા સાથે ગયેલા. એરપોર્ટ પર વ્હીલચેર લીધેલી. વ્હીલચેર ચલાવનાર વૃદ્ધ હતા એટલે મનુદાદાએ તેને કહ્યું મને ૮૦ વર્ષ થયા છે આથી ચેર લેવી પડી છે. એ સમયે એરપોર્ટ ઉપર માત્ર સેવા હેતુથી આવેલ અને અમારી ચેર ચલાવતા વડીલે અમારા આશ્ચર્ય વચ્ચે કહયું કે મને ૮૬ થયા છે. ૮૬ વર્ષના વૃદ્ધે કહ્યું હું એરપોર્ટ ઉપર રોજ ૧૦ વ્યકિતની માત્ર સેવા કરીને ખુશ રહું છું. મારું કામ પુરું થાય એટલે મારા ભગવાનને હાજરી પૂરાવી દીધી એમ માનું છું. વડીલો! પ્રેમથી, ઉત્સાહથી બીજાને મદદ કરીયે, ગમતું કામ કરીયે, ગમતું કામ સ્વીકારીયે ત્યારે જીવનનો આનંદ અનેરો હોય છે, પણ આ બધાનાં મૂળમાં એક જબરજસ્ત મૂલ્ય છે. એને જો આપણે પકડી લઇએ તો આપણો અંતર આત્મા ઝળહળા થઇ જાય. આપણે ત્યાં કહેવત છે કે ''સંતોષી જીવ સદા સુખી.'' અને હું તો ત્યાં સુધી કહું કે સંતોષ એ માનવતાનું સૌથી મોટું ઘરેણું છે. માનવજાતનો વૈભવ છે.

એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. જો તમારે લાંબુ જીવવું હોય, આંતરિક ઝળહળા થવું હોય, તો એક વખત તમારા જીવને સંતોષથી ભરી દયો, પછી જુઓ મજા. આજે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આપણને જીવનમાં સંતોષ નથી. વર્તમાનમાં મારી પાસે જે કાંઇ છે ને એને હું માણી શકતો નથી. ઈર્ષા ભાવ અને દ્વેષભાવ આપણને મારી નાખે છે. જે નાનપણથી જ શરુ થાય છે ને વૃદ્ધત્વમાં આપણે બીજા સાથે શેર નથી કરી શકતા. એટલે પછી અંદરને અંદર એ ઢગલો થઇ જાય છે. એક વખત સંતોષ આપણને મળી જાય તો તમે અંદરના સાધ્યને પકડી લીધું છે તેમ જાણજો.

પાકટ ઉંમરે જીવનમાં સંતોષ જળવાય રહે તે માટે આપણે થોડોક પ્રયત્ન પણ કરવો પડશે. ક્યારેક આપણને એમ જ થાય કે દીકરો- દીકરી બોલાવતા નથી, મારો



ભાઇબંધ મને બોલાવતો નથી, પડોશી મને બોલાવતો નથી, નો બોલાવે તો તમે સામેથી સમાધાન કરી લો અને એમાં જયારે તમારો વાંક નહી હોય ત્યારે તો તમને બહુ ઝડપથી સમાધાન મળી રહેશે. બીજી વાત આપણો સમાજ અતિરેકને પસંદ કરે છે. કાં તો વડીલો પૈસાદારથી પ્રભાવિત થઇ જાય છે કાં તો કોથળો ઓઢીને પડયો રહેતાં સાધુથી પ્રભાવિત થઇ જાય છે. આ બે અતિરેક છે. પણ મૂળ વસ્તુ સમાજ ભુલી ગયો છે. તમારે ખૂબ કમાઇને બેઠા કે ત્યાગ કરીને બેઠા છે એની પ્રશંસા કરવાની જરૂર નથી. જેને જીવનમાં જે મળ્યું એનાથી સંતોષ માનીને જે સર્જનાત્મક, રચનાત્મક જીવન જીવી રહયાં છે એનો મહિમા થવો જોઇએ. એ આજના પ્રસંગની મુખ્ય વાત છે.

આ શિશુવિહારની બધી પ્રવૃત્તિઓને દંડવત્ પ્રણામ એટલે કરીએ છીએ કે, આ અતિરેક વાતમાંથી આ મધ્યમ વાત માનભાઇ બાપા મૂકી ગયા એનુ અહીંયા ભજન થાય છે. આ શિશુવિહારની પ્રવૃત્તિ એ એક અર્થમાં મનુષ્યત્વનું ભજન છે. વડીલો; તમને આપવામાં આવેલ થેલીમાં વસ્તુઓથી વધારે ભાવ ભર્યો છે. તમારામાંથી ઘણાં એવા હશે કે એમને થેલીની વસ્તુઓની જરૂરત જ નહી હોય પણ વૃદ્ધાવસ્થા ભાવની ભૂખી છે. આપણે આજે પ્રેમનું પ્રતિક ઘરે લઇ જવાનુ છે. જીવનમાં પ્રસન્ન કેવી રીતે રહેવાનું છે અને પ્રસન્નતા કેવી રીતે આવે? તો કે મજાની વાત એ છે કે તમે બીજા પાંચ જણાને પ્રસન્ન કરો પછી છઠ્ઠો વારો તમારો છે. તમારા ઘરે પ્રસન્નતા જોવા મળશે. પણ આપણે બધા અપેક્ષા રાખીએ છીએ કે કોઇક મને પ્રસન્ન કરે, કોઇક મને બોલાવે, પણ તું કોઇકને સામેથી બોલાવને ભલા માણસ! તો આ ઉંમરે આપણે સૌથી પહેલી વાત પ્રસન્ન રહેવું જરૂરી છે. તમે વિટામીનની ટીકડીઓ ખાવ, પણ જો પ્રસન્ન થતા આવડી ગયુ તો લાંબુ જીવી શકશો. વિજ્ઞાને સમજાવી દીધું છે કે તમે પ્રસન્ન નહી રહો તો બહારથી લીધેલા પોષક તત્વો ઝાડા-પેશાબમાં નીકળી જશે. આ વૃદ્ધો માટે વિટામીનની મોટી ટીકડી તો સંતોષ છે. સંતોષી જીવ થઇને રહેવુ એ બહુ જરૂરી છે, અને આ જો આપણે કરી શકીએ તો લાંબુ અને તંદુરસ્ત જીવી શકીએ. અને આજે જ્યાં જીવાય છે ત્યાં આજે પણ ૧૦૦ વર્ષથી ઉપરના તંદુરસ્ત માણસો જીવી રહયા છે, એનો હું સાક્ષી છું.

અહીં બેઠેલા વડીલોએ એક પ્રયોગ કરવાનો છે. તમને મળેલ થેલી ઘરે જઇને ભીંત પર લટકાવજો. એવી જગ્યાએ ટાંગજો કે ગમે ત્યારે ઘરની બહાર નીકળો તો દેખાવી જોઇએ. થેલીમાંથી કાંઇ ન વાપરો તો પણ કાંઇ વાંધો નથી, પણ એ થેલીને જોઇને એટલું નક્કી કરજો કે હું સંતોષી છું. દુનિયા ગઇ તેલ પીવા.. પોતાની જાતને હંમેશા કહો કે હું મોજમાં છું. હું સંતોષી છું. મને કોઇ દુઃખ નથી. એટલે આ થેલી છે એ આપણા માટે કાયમી એક બુસ્ટર ડોઝ બની જશે. થેલી એક નિમિત્ત થશે. પ્રતિક છે, પ્રતિકથી આપણે પ્રતિતી સુધી પહોંચવું છે. આપણાં જીવનને આપણે પ્રસન્ન બનાવીએ.

આજે આ પ્રસંગે જે વડીલોનું વિશેષ સન્માન થયું છે તે બધાં ૮૦

આસપાસ છે છતાં જાતને ઘસી બીજાને ઉપયોગી બની પ્રસન્ન રહે છે. આ વડીલોને હું જાણું છું. તેમના આનંદનું રહસ્ય એ પકડીને બેઠા છે. આપણે પણ આવા ગમતાં કામ શોધી કાઢવાનાં છે, આર્થિક વળતર કરતા પણ અનેકગણું મોંઘું સંતોષનું અને પ્રસન્નતાનું જીવન છે જે તમે જીવતા હો તો પછી વધારે શું જોઇએ છે!!!

માનબાપાના વડલા નીચે આપણે બધા આજે અહીંયાથી છૂટા પડીએ એ પછી કાયમ મોજમા રહીએ તેવી વંદના સાથે માનબાપા અને જેના નામ સાથે આ વડીલ વંદના જોડાયેલ છે તેવો લોક સેવક ડૉ.નિર્મળભાઈ વકીલના ચરણોમાં પ્રણામ.

(પ્રા. ડૉ.અરૂણભાઈ દવેના વક્તવ્ય આધારે-
લેખન: શ્રી સૃષ્ટિ સોલંકી)

**: સાભાર સ્વિકાર :**

- શ્રી મહેન્દ્રભાઈ પ્રકાશજી લુનિયા (સીકંદરાબાદ) તરફથી ૪ ગાંસડી તેમજ ક્લાસિક ટ્રેડર્સ પ્રા.લિ.(હૈદરાબાદ) તરફથી વેસ્ટ કાપડની એક ગાંસડી મળેલ છે. મહિલા સશક્તિકરણ સાથે જરૂરિયાતમંદ શ્રમિક બહેનોના રોજગાર માટે સહાય આપનાર દાતાશ્રીઓનો શિશુવિહાર સંસ્થા આભાર માને છે. તેમજ શ્રી રીયાબહેન નિકેતભાઈ ભટ્ટ દ્વારા સંસ્થાના શ્રમિક બહેનો માટે ડ્રેસ મળ્યા છે. આભાર.

## શ્રદ્ધાંજલિ




**સ્વ. શ્રી ઝીણારામભાઈ દાણીધારીયા :**

શિશુવિહાર બાલમંદિરના પૂર્વ આચાર્ય અને બાળવિકાસ પ્રવૃત્તિઓ માટે અનન્ય સ્નેહધરાવતા સ્વ. ઝીણારામભાઈ દાણીધારીયા (મોટાભાઈ) હવે આપણા વચ્ચે નથી. શિશુવિહાર પરિવારના સ્નેહીજનની ચિર વિદાયથી આપણે એક વધુ બાળપ્રેમીને ખોયા છે. ઈશ્વર તેમના આત્માને ચિર શાંતિ આપે તેવી શિશુવિહાર પરિવાર પ્રાર્થના કરે છે.



## શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી સાગરભાઈ મહેતા (૧૯૩૩-૨૦૨૪)**

શ્રી સાગરભાઈ મહેતાનો જન્મ ૧૯૩૩માં ભાવનગરમાં નાગર કુટુંબમાં થયો. ચાર વર્ષની વયે પિતાની છત્ર છાયા ગુમાવી અને તેમનો ઉછેર માતાની દેખરેખમાં થયો. આલ્ફ્રેડ હાઈસ્કુલમાંથી મેટ્રિક અને શામળદાસ કોલેજમાંથી બી.એસ.સી. સુધીના અભ્યાસ બાદ મુંબઈ રહી ધ રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાંથી ૧૯૫૬માં કેમેસ્ટ્રીમાં એમ.એસ.સી. પદવી મેળવી. ભાવનગર વેજીટેબલ પ્રોડક્ટ પ્લાન્ટ્સમાં કેમિસ્ટ તરીકે, ત્યારબાદ ૧૯૬૩માં અમેરિકન ફાર્મા સ્યુટિકલ કંપનીમાં જોડાયા.

શિશુવિહાર સાથે શ્રી સાગરભાઈનો બહોળો લગાવ રહ્યો. સ્વ.માનભાઈ અને હીરાબહેન માટે અત્યંત માન અને લાગણી આજીવન રહયા. તેમના ઘડતરમાં અને જીવનનાં મૂલ્યો કેળવવામાં શિશુવિહાર સંસ્થા અને માનભાઈના યોગદાન માટે તેઓ હંમેશા કૃતજ્ઞ હતા. શ્રી સાગરભાઈના શોખ અને પ્રવૃત્તિઓ પણ તેમના શિશુવિહારના સમય દરમિયાન જ કેળવાયા. હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં તેમનો રસ અને સમજણ, તારા, ગ્રહો અને નક્ષત્રો ઓળખવામાં પણ સાગરભાઈ સહુના માર્ગદર્શક રહેતા.

પોતાનું કોઈ પણ કામ જાતે કરવાના આગ્રહી શ્રી સાગરભાઈએ નરસિંહ મહેતાના તેમના બે પ્રિય ભજનો જીવનમાં ઉતાર્યા હતા. સુખ:દુ:ખ મનમાં ન આણીએ, ઘાટ સાથે રે ઘડીયા. જે ગમે જગત ગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો.

શિશુવિહારનાં ભવ્ય વારસાને સતત ઉજાગર રાખનાર અને સંસ્થાની પ્રથમ ટુકડીના વિદ્યાર્થી સ્વ શ્રી સાગરભાઈના આત્માની ચિર શાંતિ માટે શિશુવિહાર પરિવારની પ્રાર્થના.

## શિશુવિહારનાં સેવા કર્મિ (૧)

## શ્રી હરેશભાઈ માનભાઈ ભટ્ટ

### સેવાક્ષેત્રઃ ક્રિડાંગણ, આપત્તિ નિવારણ તાલીમ ૧૯૬૫ થી ૨૦૨૫



જાપાનમાં એક શબ્દ 'ઈકિગાઈ'. ઈકિગાઈનો અર્થ થાય છે. ઈકી એટલે જીવન અને ગાઈ એટલે ઉદ્દેશ્ય. આ પુસ્તકમાં જણાવ્યું છે કે જાપાનના ઓકીનોવા આઈલેન્ડની પ્રજા દુનિયામાં સૌથી લાંબુ જીવતી પ્રજા છે. ત્યાં લોકોનું સરેરાશ આયુષ્ય ૮૪ વર્ષ છે, આનંદથી જીવે છે કારણકે તેઓને પોતાનાં જીવનનુ લક્ષ્ય મળી ગયું છે. તેઓ કંઈ સાધુ કે ઋષિ નથી. પરંતુ તેઓ પોતાના કામમાં મગ્ન બનીને જીવે છે, કામને યોગ સમજીને જીવે છે, જે કરે છે તે પુરી એકાગ્રતાથી તલ્લીન થઈને કરે છે, એની મજા લે છે. શિશુવિહારનાં સેવા કર્મિ શ્રી હરેશભાઈનું પણ કંઈ આવું જ છે. તેઓ ૮૦માં વરસે પણ આજે રમત રમે છે, સાયકલિંગ કરે છે, બાળકોને સ્કાઉટિંગ, ડિઝાસ્ટરની તાલીમ આપે, શિશુવિહારમાં સતત કાર્યરત રહે તેમની ઈકિગાઈ એટલે શિશુવિહારની ડિઝાસ્ટર તાલીમ.

દુબળી-પાતળી છતાં સુદ્રઢ કાઠી, ચહેરેથી બીજા માનભાઈ, ખભે નાનકડો બગલથેલો અને ધીમી મક્કમ ચાલ. ૨૪ નવેમ્બર ૧૯૪૫મા જન્મ અને શિશુવિહારમાં જ ઉછેર. ભણતરમાં આલ્ફ્રેઈડ હાઈસ્કૂલમાં એસ.એસ.સી.નું શિક્ષણ લીધું. બાકી ટર્નીગ, ઈલેક્ટ્રિક, બ્લુ પ્રિન્ટ રીડીંગ, વાયરમેન, મશિનિસ્ટ આ બધું જ કૌશલ્ય તેની લાયકાતમાં પારિવારિક શોખનાં લીધે સામેલ થતું રહ્યું. ભાવનગર પોલીટેકનીકમાં ડિપ્લોમાં મિકેનિકની ડિગ્રી લીધી. સાથોસાથ રાઈફલ ટ્રેનિંગ, ફર્સ્ટએઈડ ટ્રેઈનિંગ, સિવિલ ડિફેન્સ, નાગરિક સંરક્ષણ, સ્કાઉટ માસ્ટર તથા ડિઝાસ્ટર ટ્રેનિંગ આ બધાની સાથે તે આનું ઘડતર થતુ ગયું. ૧૯૬૫માં પહેલી નોકરી પર લાગ્યા અને ૨૦૦૫માં સેવા નિવૃત્ત થયા ત્યાં સુધીમાં ચાર ઉદ્યોગ ગૃહોમાં તેમની સેવા રહી. આ તો હતો તેમની જવાબદારીનો હિસ્સો બાકી તો હૈયે અને મનમાં સદા વસેલું શિશુવિહાર જ અગ્રસ્થાને રહ્યું.

૧૯૮૭માં જામનગર જી.એસ.એફ.સી.માં વર્કશોપમાં કામ કરવાનુ અને સ્ટાફ કૉલોનીમાં રહેવાનું બન્યુ પણ ત્યાં શિશુવિહાર તો ન હતુ એટલે નાનું શિશુવિહાર કર્યુ. બાળકોને રમાડવા, ગીતો ગવડાવવા, સ્કાઉટીંગની તાલીમ શરૂ કરી. જામનગરનાં શિશુવિહારમાં બાળકોને મજા પડી ગઈ.



૧૯૯૧ સુધી તાલિમ સાતત્ય રહયું ત્યારબાદ ભાવનગર આવવાનું થયું ત્યારે વાલીઓ અને બાળકોએ ભાવભરી વિદાય આપી. શ્રી હરીશભાઈની તાલીમને ઍવોર્ડ અર્પણ કર્યો.

પોતાના સ્કાઉટિંગના દિવસો યાદ કરતા હરેશભાઈ કહે કે, જયદેવભાઈ, ધીરૂભાઈ, વિનુભાઈ, દિવાકરભાઈ અમારા ગુરુ રહયા હતા. શિસ્તના પાઠ જયદેવભાઈ પાસેથી શિખ્યા એ કેમ ભુલાય!!! અમને તો સ્કાઉટનો યુનિફોર્મ પણ ખબર ન હતી. સફેદ કપડાં પહેરી હું, મહેશ ભટ્ટ, રાજુ દવે વિક્ટોરીયા પાર્ક કેમ્પમાં પહોંચ્યા. સ્કાઉટ માસ્ટર કહયું આ ન ચાલે, પછી ખબર પડી કે ખાખી યુનિફોર્મ છે. ૧૯૬૫માં જેલ ગ્રાઉન્ડમાં રેલી યોજાઈ તેમાં પણ અમારી આ ટીમ ગયેલી અને પાંચ શિલ્ડ જીત્યા હતા. સ્કાઉટીંગના દિવસોની વાતો કરતા હરેશભાઈની આંખોમાંની ચમક અને અવાજમાંનો ઉત્સાહ કહી રહયો હતો કે ''વન્સ સ્કાઉટ ઇઝ ઓલવેઝ સ્કાઉટ.'' હરેશભાઈ વિદ્યાર્થી કાળથી શિશુવિહારની તાલીમ સાથે આત્મીય રીતે જોડાયા હતા.શ્રી હરીશભાઈ એ સ્કાઉટીંગને જેટલું જીવ્યું છે એટલું જ ડિઝાસ્ટર મેનેજમેન્ટને શ્વસ્યું છે. સમજણા થયા ત્યારથી એટલે કે ૧૯૯૧થી તો નિરંતર સ્કાઉટીગ સાથે જોડાયેલા. શિશુવિહારનાં કાર્યકર હરેશભાઈ પાસે ૧૨૦૦થી વધુ સ્કાઉટ વિદ્યાર્થીઓ તૈયાર થયા છે તો તેમણે આપાતકાલીન તાલીમમાં ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શ્રમિકોને તાલીમ આપી છે. આ કોઈ સરકારી યોજના હેઠળ નહીં પરંતુ નિજાનંદ અને પોતાની ધખના માટે આ બધું કરે છે. શિશુવિહારના કાર્યકર તરીકે હરેશભાઈ દ્વારા ૨૦૦ જેટલા ટ્રેનિંગ પ્રોગ્રામ, અડધા લાખથી વધુ સમક્ષ નિદર્શન જે કદાચ ગુજરાતમાં એક વિક્રમ રૂપ છે.

શ્રી હરેશભાઈ પોતાના તાલીમી કાળની વાત કરતા જણાવે છે કે એક્સેલમાં, આઈસીડીયુના કર્મચારીઓને તે સમયે ડિઝાસ્ટરની તાલીમમાં જવાનું હતું. હું એમાં ન હતો પરંતુ મારા વિભાગના અધિકારીએ કહ્યું તમે તાલીમમાં જાવ. આપત્તિ નિવારણ તાલીમ એ શિશુવિહારની જ તાલીમ હોવાથી ડીઝાસ્ટર સાથેનો નાતો બંધાઈ ગયો. ગુજરાતના સર્વોતમ ટ્રેનર એવા હરેશભાઈ કહે છે ડીઝાસ્ટર સાથેનું જોડાણ શિશુવિહારના તાલીમ કાર્યક્રમો માટે એક નવુ આયામ બન્યું.

શિશુવિહાર સાથે પ્રથમ શ્વાસથી નાતો અને સમજણા થયા ત્યારથી સ્કાઉટીંગનું જોડાણ હરેશભાઈના વ્યક્તિત્વમાં દેખાઈ જ આવે. શિશુવિહારમાં આવે એટલે ઑફિસને બદલે કોઈ કાર્યકરને માર્ગદર્શન આપતા હોય, સાધન મરામતની સમજ આપતા હોય અથવા ક્રિડાંગણના બાળકોને લેઝિમ, ડંબેલ્સ શીખવતા હોય. તેમની સાથે સ્નેહભાવે વાતો કરે.

તે સમય અને આજના સમયની પ્રવૃત્તિમાં બાળકોમાં શું તફાવત જોવા મળે છે! હરેશભાઈએ સવાલનો જવાબ આપતા કહ્યું કે 'હવે તાલીમમાં પ્રેક્ટિકલ ઘટતા જાય છે અને થીયરી વધુ. જાતે કરીને, પોતાની મેળે કરતા-કરતા જે શીખવા મળે છે તે ચોપડા ચીતરવાથી ન મળે, હવેની પેઢીમાં આત્મસૂઝનો અભાવ જોવા મળે છે કહીયે તેટલું ચોકકસ કરે પરંતુ આ કરવા જેવું છે તેની સૂઝ ન જોવા મળે.'

સંસ્થાના વિદ્યાર્થી અને કાર્યકર તરીકે હરેશભાઈ વહેલી સવારે શિશુવિહારનું મેદાન જાતે સાફ કરતા, માનભાઈ નેત્રયજ્ઞમાં ફોલ્ડીંગ શૌચાલય ઉભા કરવામાં નટ-બોલ્ટ કેમ જોડવા તે સમજ આપતા. આખરે સામે બેઠા હતા તે હરેશભાઈ શિશુવિહારના બીજા માનભાઈ ભટ્ટ જ હતા ને...ફરી પેલી 'ઈકિગાઈ'ની વાત યાદ આવે છે. લાંબુ અને ખુશમિજાજ નિરોગી જીવતા એ જાપાની ૮૦,૧૦૦ વર્ષના વૃદ્ધોને પૂછ્યુ કે તમારી ઈકિગાઈ (જીવનનું ધ્યેય) શું છે? તો તેમણે કહ્યું આ બધુ અમને ખબર ન પડે. બસ કામમાં મજા પડે છે અને મજાથી કામ કરીએ છીએ. આ હરેશભાઈનું પણ એવું જ છે. જીવનનું ધ્યેય શું એવું પૂછીએ તો મિતભાષિ જાણે કોઈ આધ્યાત્મિક આચરણ સામે રાખતા હોય તેમ શાંત ધખનામાં દેખાય આવે. ૮૦ વર્ષે પણ અડીખમ, સેવારત, કાર્યરત આ વ્યકિતમાં શિશુવિહાર, સ્કાઉટીંગ, ડિઝાસ્ટર ધબકે છે અને ધબકતું રહેશે. સ્વૈચ્છિક સંસ્થાઓ ઉગે અને આથમે પરંતુ જે ટકાવ છે તેની પાછળ રહેલ પાયાના પથ્થરો જ અદ્રશ્ય જ રહે છે. હરેશભાઈની મૂક સેવા સંસ્થાનું બંધારણ છે. જયાં ખાલીપો જણાય ત્યા ત્યાં હરેશભાઈએ પૂરી શ્રદ્ધાથી ફરજ નિભાવી છે. અને આથી જ તેના અમૃત મહોત્સવે તેમનો વિદ્યાર્થી પરિવાર હોંશે હોંશે એકઠો થએલ હતો.

શિશુવિહારના સંસ્કાર અને તાલીમથી મહેકતા હરેશભાઈ પણ પોતાના ગૌરવપૂર્ણ, સાદગીભર્યા જીવનથી સતત સમાજને ઉપયોગી થઈ રહ્યા છે. સંસ્થાના ટ્રસ્ટી તરીકે દીર્ઘકાલીન સેવા આપનાર શ્રી હરેશભાઈને ૮૦મા વર્ષ પ્રસંગે શુભેચ્છાઓ અને સ્વાસ્થ્યમય જીવન માટે શુભેચ્છા. 'સેવા પરમો ધર્મ' તેવી ઉપનિષદની વાણી હરેશભાઈએ પોતાનાં જીવનમાં ચરિતાર્થ કરીને એક આદર્શ સ્થાપિત કર્યા છે. પ્રકૃતિ પ્રેમી વિદ્યાર્થી સહજ જીજ્ઞાસાથી સતત નવું જાણવા જોવાં શીખવા માગતા હરેશભાઈનું અનુભવ જ્ઞાન અનેકોનાં જીવન ઘડતર માટે પ્રેરક બન્યું છે. શિશુવિહાર સંસ્થાના સ્થાપક પૂજ્ય માનભાઈ ભટ્ટના સંતાન તરીકે શ્રી હરેશભાઈએ સમગ્ર પરિવારને ગૌરવ અપાવ્યું છે.



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** (Facebook) **Shishuvihar Bhavnagar** (YouTube)
**Shishuvihar** (Instagram) **Shishuvihar** (Play Store)

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઈ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199